તારીખ : 24/10/2018 | વિષય : વિજ્ઞાન | ગુણ : 80

વાર : બુધવાર | ધોરણ : 7 (પ્રથમ સત્ર) | સમય : 2:00 થી 5:00

---

**પ્રશ્ન-1** આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. **16**

1. નીચેનામાંથી કયો સજીવ પોતાનો ખોરાક જાતે બનાવી શકે છે?

   (A) મનુષ્ય (B) અમરવેલ (C) પોપટ (D) લીમડો

2. રમણકાકાના મોં-માં દાઢ નથી તો તેમની નીચેના પૈકી કઇ ક્રિયા કરવામાં તકલીફ પડશે.?

   (A) સફરજનને બચકું ભરવામાં (C) દાતણને ચાવવામાં

   (B) શેરડી છોલવામાં (D) દાતણને ચીરવામાં

3. નીચેનાં પૈકી કયા પ્રાણીમાં અધાંત્ર હશે નહી?

   (A) મનુષ્ય (B) ગાય (C)બળદ (D) ભેંસ

4. નીચે આપેલાં પ્રાણીઓમાંથી કયું પ્રાણી ઊન આપતું નથી?

   (A) ઘેટું (B) ઊંટ (C) બકરી (D) કૂતરો

5. રેશમના કીડાના જીવનચક્રનો સાચો ક્રમ પસંદ કરો.

   (A) ઈંડું – કેટરપિલર – પ્યુપા – કોશેટો - પતંગિયું

   (B) કેટરપિલર – ઈંડું - કોશેટો – પ્યુપા - પતંગિયું

   (C) પતંગિયું – કોશેટો - પ્યુપા – કેટરપિલર - ઈંડું

   (D) ઈંડું – પતંગિયું - પ્યુપા – કેટરપિલર - કોશેટો

6. બૂઝો 30°C તાપમાન વાળા 1 લીટર પાણીને 50°C તાપમાનવાળા 1 લીટર પાણી સાથે મિશ્ર કરે છે. તો બનતા મિશ્રણનું તાપમાન કેટલું હશે?

   (A) 80° C

   (B) 20 ° C

   (C) 50 ° C થી વધુ પરંતુ 80 ° C થી ઓછું

   (D) 30 ° C તથા 50 ° C વચ્ચેનું

7. .........................+ બઈઝ -> ક્ષાર + પાણી

   (A) બેઈઝ (B) એસિડ (C) ક્ષાર (D) પાણી

8. તમને એક કસનળીમાં આપવામાં આવેલ દ્રાવણમાં લાલ લિટમસપત્ર બોળતાં તે લાલ જ રંહે છે. તો આ દ્રાવણ કયું હશે?

   (A) એસિડિક (B) બેઝીક (C) તટસ્થ (D) એસિડિક કે તટસ્થ



Scanned by CamScanner

9. તમારા ઘરની લોખંડની બારીને કાટ લાગતો અટકાવવા તમે નીચેનામાં કયો ઉપાય કરશો?

(A) બારીને પાણીથી ધોવી.

(B) બારીને પડદાથી ઢાંકવી.

(C) બારીને રંગ કરવો.

(D) આપેલ તમામ.

10. નીચેના પૈકી કયો રાસાયણીક ફેરફાર છે?


(A) દૂધનું ફાટવું

(B) બરફનું પીગળવું

(C) કાગળમાંથી હોડી બનાવવી

(D) ચોકનો ભૂકો કરવો.

11. આલેખના આધારે જવાબ આપો.



સૌથી ન્યૂનતમ તાપમાન કયું છે.?

(A) 22°C (B) 23.5°C (C) 23.3°C (D) 26°C

12. સામાન્ય રીતે દિવસનું મહત્તમ તાપમાન કયા સમયે હોય છે ?

(A) વહેલી સવારે (B) બપોરે (C) સાંજે (D) રાત્રે

13. ટૉર્નેડોની (વંટોળ) રચના સમજાવવા કયા હાથવગા સાધનનો ઉપયોગ કરશો?

(A) પાણીની બોટલ (B) સ્પ્રે (C) સ્ટવ (D) દિવાસળીની પેટી

14. પવનની ગતિનું મુખ્ય કારણ ક્યું છે?

(A) વરસાદ

(B) ભૂકંપ

(C) અસમાન તાપમાન

(D) પૃથ્વીનું પરિભ્રમણ

15. ભૂમિના કયા સ્તરની નીચે આધાર ખડક હોય છે?

(A) સ્તર-A (B) સ્તર- B (C) સ્તર- C (D) સ્તર- D



Scanned by CamScanner

16. કઠોળના પાક માટે કયા પ્રકારની ભૂમિ અનુકૂળ છે?

(A) ચીકણી (B) રેતાળ (C) છિદ્રાળુ (D) ગોરાડું

પ્રશ્ન – 2 એક વાક્યમાં જવાબ લખો. 06

(અ) 1. હું મનુષ્યના પાચનતંત્રમાં આવેલો સૌથી લાંબો અવયવ છું.

2. રેશમ શામાંથી મેળવવામાં આવે છે.?

3. ભૂરા લિટમસપત્રને કોઇ એક દ્રાવણમાં બોળતાં તે ભૂરા રંગનું જ રહે છે. આ દ્રાવણ ની પ્રકૃતિ કઇ હશે.?

4. હવામાનનાં મૂળ તત્વો કયાં કયાં છે?

5. પવનનો વેગ માપવાનું સાધન એનેમોમીટર તમારે બનાવવું છે. તો કયાં કયાં સાધનોનો ઉપયોગ કરશો?

6. વિનાશકારી વંટોળની ગતિ આશરે કેટલી હોય છે?

(બ) ત્રણથી ચાર વાક્યમાં જવાબ લખો. (ગમે તે પાંચ) 10

1. ઊન આપતાં પ્રાણીઓનાં નામ લખો.

2. રસોડામાં જોવા મળતા બે એસિડિક અને બે બેઝિક પદાર્થોનાં નામ આપો.

3. તમને એસિડિટી થઇ હોય તો તમે કેવા પ્રકારનો ખોરાક લેવાનો પસંદ કરશો ?

4. તમારી આસપાસ બનતા કોઈપણ બે હાનિકારક ભૌતિક ફેરફાર જણાવો

5. તમે એક પદાર્થ પર પ્રક્રિયા કરો છો ત્યારે નવા ગુણધર્મો ધરાવતો પદાર્થ પ્રાપ્ત થાય છે તો તે કયા પ્રકારનો ફેરફાર હશે? આ પ્રકારનાં ફેરફારનાં અન્ય ઉદાહરણ આપો.

6. હવામાનના દૈનિક સમાચાર તમને ક્યાં ક્યાંથી મળશે ?

7. થર્મોમીટર વડે પાણીનું તાપમાન માપતી વખતે કઇ કઇ કાળજી રાખશો ?

પ્રશ્ન-3 નીચેનાં પ્રશ્નોના પાંચથી સાથ વાક્યોમાં જવાબ લખો. (ગમે તે ચાર) 12

(અ) 1. લીલા રંગ સિવાયના અન્ય રંગના પર્ણ ધરાવતી વનસ્પતિ પ્રકાશસંશ્લેષણની ક્રિયા કરી શકે છે? સમજાવો.

2. જમીનને સમૃદ્ધ કરવા તમે કયાં-કયાં પગલાં લેશો ?

3. રાસાયણિક પ્રક્રિયા એટલે શું ? તમારી આસપાસ જોવા મળતાં રાસાયણિક પ્રક્રિયાના ઉદાહરણ જણાવો.

4. અંતઃસ્ત્રવણદર એટલે શું? રઝિયાના ખેતરની જમીન 200 મી.લી. પાણી ગ્રહણ કરવા 40 મિનિટનો સમય લે છે તો તે જમીનનો અંતઃસ્ત્રવણ દર કેટલો હશે ?

5. 'કાટ એ લોખંડ નથી પરંતુ લોખંડથી જુદો પદાર્થ છે'. સમજાવો

(બ) આકૃતિ દોરી નામનિર્દેશન કરો. 03

અન્નનળીમાં ખોરાકનું વહન

પ્રશ્ન-4 માગ્યા મુજબ જવાબ લખો.

(અ) 1. વર્ગીકરણ કરો. (લોખંડ, પૂંઠું, સોનું, પ્લાસ્ટિક, સ્ટીલ, એબોનાઈટ) 06

| ઉષ્મા સુવાહક | ઉષ્મા અવાહક |
|---|---|
| | |

2. જોડકા જોડો. 04

| વિભાગ-અ | વિભાગ-બ |
|---|---|
| 1. રેતાળ ભૂમિ | a. ભૂમિના વિવિધ સ્તર |
| 2. ચીકણી ભૂમિ | b. અંતઃસ્ત્રવણ દર સૌથી વધું |
| 3. ગોરાડું ભૂમિ | c. ખોદવું અઘરૂ કામ |
| 4. ભૂમિની રૂપરેખા | d. ખેતી માટે ઉત્તમ |
| | e. જલ ધારણક્ષમતા સૌથી વધુ |

(બ) મુદ્દાસર જવાબ લખો. (કોઇપણ બે) 08

1. રેસામાંથી ઊન મેળવવાનાં સોપાનો સમજાવો.
2. વાવાઝોડું આવે ત્યારે તમે કઈ કઈ કાળજી લેશો ?
3. અનુકૂલન એટલે શું ? ધ્રુવીય રીંછના અનુકૂલનની સમજ આપો.

પ્રશ્ન-5 માગ્યા મુજબ જવાબ આપો.

[અ] 1. કારણ આપો : ગરમ હવામાનવાળા પ્રદેશોમાં મકાનોની બહારની દીવલો સફેદ રંગથી રંગવામાં આવે છે. 03

2. કારણ આપો : ઘાસ ખાનારાં પ્રાણીઓ ખોરાકને વાગોળે છે. 03

3. તફાવત આપો : બેઈઝ અને ક્ષાર 02

4. તફાવત આપો : પરોપજીવી અને મૃતોપજીવી 02

[બ] આકૃતિ સહિત પ્રયોગ વર્ણવો 05

1. હવા દબાણ કરે છે.

અથવા

2. હવા ગરમ થવાથી તેનું કદ વધે છે અને ઠંડી પડવાથી તેનું કદ ઘટે છે.



Scanned by CamScanner